SHREE VIDYOTTEJAK MANDAL

# Shri M. P. Shah Muni. Commerce College

Vakil Sanghraj Nemchand Shah Building
Arvind Marg Near Sat Rasta, Jamnagar-361001(Gujarat)
**Website : [www.mpsmcc.org](www.mpsmcc.org)**

શ્રી વિદ્યોત્તેજક મંડળ સંચાલિત શ્રી એમ.પી. શાહ મ્યુનિ. કોમર્સ કોલેજ (ગ્રાન્ટ-ઇન-એઇડ), ને ઉચ્ચ શિક્ષણ કમિશ્નરશ્રીની કચેરી, ગાંધીનગર ધ્વારા પત્ર ક્રમાંક: કવટ/ISC3/વર્ગ-૩/એનઓસી/૨૦૫૪૩-૪૫ તા. ૨૩/૦૯/૨૦૨૫ ના પત્રથી મળેલ કોમ્પ્યુટર પ્રોગ્રામરની એન.ઓ.સી. અન્વયે નીચે મુજબની કેટેગરીના ઉમેદવારો પાસેથી વેબસાઈટ પર મુકેલ નિયત નમુના મુજબની અરજીઓ, યોગ્યતાના આધારોની સ્વયંપ્રમાણિત નકલો સાથે જાહેરાત પ્રસિધ્ધ થયેથી મંડળના ઉપરોક્ત સરનામે દિન ૧૫ માં રજી. એ.ડી. થી રજુ કરવા જણાવવામાં આવે છે.

## ૧. સંવર્ગની જગ્યાની વિગત

| ક્રમ | જગ્યાનું નામ | ખાલી જગ્યા | કેટેગરી | લાયકાત |
|---|---|---|---|---|
| ૧ | કોમ્પ્યૂટર પ્રોગ્રામર | ૦૨ | ઓપન | માન્ય યુનિવર્સિટીના કોમ્પ્યૂટર એન્જીનિયરીંગ, કોમ્પ્યુટર સાયન્સ અથવા ઈન્ફોર્મેશન ટેકનોલોજીમાં સ્નાતક ડીગ્રી અથવા એમ.સી.એ./એમ.એસ.સી.(આઈટી) |
| | | ૦૧ | એસઇબીસી | |

## ૨. વયમર્યાદા અને શૈક્ષણિક લાયકાત :

- માન્ય યુનિવર્સિટીના કોમ્પ્યૂટર એન્જીનિયરીંગ, કોમ્પ્યુટર સાયન્સ અથવા ઈન્ફોર્મેશન ટેકનોલોજીમાં સ્નાતક ડીગ્રી અથવા એમ.સી.એ./એમ.એસ.સી.(આઈટી)
- ઉમેદવાર ગુજરાતી, હિન્દી તથા અંગ્રેજી અથવા ત્રણેય ભાષાઓનું પુરતું જ્ઞાન ધરાવતો હોવો જોઇશે.
- રાજ્ય સરકારના નિયમો મુજબ વયમર્યાદામાં છુટછાટ મળવાપાત્ર રહેશે.
- એન.ઓ.સી.ની શરત મુજબ આ જગ્યા પાંચ વર્ષ માટે ફિક્સ પગારની રહેશે. પાંચ વર્ષ પુર્ણ થયે કામગીરીની સમીક્ષા કર્યા બાદ મંજુર થયેલ લઘુત્તમ પગાર ધોરણમાં નિમણૂક આપવામાં આવશે.
- પ્રથમ પાંચ વર્ષ દરમિયાન કોઇ ભથ્થા તેમજ તેના આનુસંગિક કે અન્ય લાભો મળવાપાત્ર રહેશે નહી.
- હાલમાં નોકરી કરતા ઉમેદવારોએ પોતાના સંસ્થાના વડા મારફતે એન.ઓ.સી. પ્રમાણપત્ર સાથે અરજી કરવાની રહેશે.
- નિમણૂંક પામનાર ઉમેદવારને ઉપર દર્શાવ્યા મુજબ તારીખ- ૨૩/૦૯/૨૦૨૫થી મળેલ એન.ઓ.સી. ની તમામ શરતો બંધનકર્તા રહેશે.
- અધુરા વિગતોવાળી કે આધારો વગરની અરજીઓ તેમજ નિયત સમય મર્યાદા બાદ આવેલ અરજીઓ આપોઆપ રદ ગણાશે.
- સદર ભરતી પ્રક્રિયા અન્વયે ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળ ધ્વારા નક્કી કરેલ ભરતીનાં નિયમો અને લાયકાતનાં ધોરણો મુજબ કરવામાં આવશે.

- ઉપરોક્ત વેબ સાઈટ દ્વારા ભરતી પ્રક્રિયા અંગેની આગામી માહિતી પુરી પાડવામાં આવશે જેથી અવારનવાર ઉમેદવારઓએ વેબ સાઇટ જોતા રહેવુ.
- ઉમેદવાર એકથી વધુ કેટેગરી વાળી જગ્યા પર અરજી કરે ત્યારે ઉમેદવારે લેખિત પરીક્ષામાં મેળવેલા ગુણ અરજી કરેલ બધી જ કેટેગરી માટે એક સરખા જ ગણવામાં આવશે.

## ૩. કમ્પ્યુટર પ્રોગ્રામર માટેની અગત્યની સૂચના :-

- અનામત વર્ગના ઉમેદવારો બિન-અનામત જગ્યા માટે અરજી કરી શકશે અને તેઓને બિન-અનામતના ધોરણો લાગુ પડશે.
- ક્રમાંકઃ ઉમેદવાર સામાન્ય વહીવટ વિભાગના તા. ૧૫/૦૨/૨૦૦૧ ના ઠરાવ સી.આર.આર/૧૦૨૦૦૦/જીઓઆર/ગ-૨ ના ઠરાવની જોગવાઈ મુજબ દિવ્યાંગતાની ૪૦% કે તેથી વધુ દિવ્યાંગતાની ટકાવારી ધરાવતા હોવાનું સિવિલ સર્જનનું સર્ટીફિકેટ ધરાવતા હશે, તો જ દિવ્યાંગ ઉમેદવાર તરીકે ઉપલી વયમર્યાદા અને અનામતનો લાભ મળશે. શારીરિક અશક્તતા અંગે સામાન્ય વહીવટ વિભાગનાતા. ૧-૧૨-૨૦૦૮ ના પરિપત્ર ક્રમાંક: પરચ-૧૦૨૦૦૮-૪૬૯૫૪૦ ગ-૨ અને ત્યારબાદ સરકારશ્રીના વખતો વખતના સુધારા પરિપત્રથી નિયત થયેલા નમૂનામાં સરકારી હોસ્પિટલના સુપ્રિન્ટેન્ડન્ટ/સિવિલ સર્જન/મેડીકલ બોર્ડ દ્વારા આપવામાં આવેલ પ્રમાણપત્ર માન્ય ગણવામાં આવશે. તબીબી પ્રમાણપત્રને આધિન રહીને ઉપલી વયમર્યાદામાં ૧૦ વર્ષની છૂટછાટ મળશે (મહત્તમ ૪૫ વર્ષની મર્યાદામાં) -
- માજી સૈનિક ઉમેદવારો કે જેઓએ જલ વાયુ અને ભૂમિ (સ્થળ) ની આર્મી ફોર્સીસમાં ઓછામાં ઓછા છ માસની સેવા કરી હોય અને માજી સૈનિક તરીકેનું સક્ષમ અધિકારીનું ઓળખકાર્ડ અને ડિસ્ચાર્જબુક ધરાવતા હોય તો ઉપલી વયમર્યાદામાં તેઓએ બજાવેલ ફરજનો સમયગાળો ઉપરાંત ત્રણ વર્ષ સુધીની છૂટછાટ મળશે.

## (૪) રાષ્ટ્રીયતાઃ-

- ઉમેદવાર ભારતનો નાગરિક હોવો જોઈએ અથવા ગુજરાત મુલ્કી સેવા વર્ગીકરણ અને ભરતી (સામાન્ય) નિયમો,૧૯૬૭ ના નિયમ - ૭ ની જોગવાઈ મુજબની રાષ્ટ્રીયતા ધરાવતો હોવો જોઈએ.

## (૫) વય મર્યાદા:-

- ઉંમર જાહેરાતમાં દર્શાવેલ અરજી સ્વીકારવાની છેલ્લી તારીખના રોજ ગણવામાં આવશે.
- ઉમેદવારની ઉંમર ૨૦ વર્ષથી ઓછી નહીં અને ૩૫ વર્ષથી વધુ ન હોવી જોઈએ અને ગુજરાત સરકારની સેવામાં હોય તેવી વ્યક્તિઓની તરફેણમાં ઉપલી વયમર્યાદા વખતો વખત સુધાર્યા પ્રમાણેના ગુજરાત મુલ્કીસેવા વર્ગીકરણ અને ભરતી (સામાન્ય) નિયમો-૧૯૬૭ ની જોગવાઈ અનુસાર રહેશે.

## (૬) વયમર્યાદામાં છૂટછાટ:-

- સામાન્ય વર્ગની મહિલા ઉમેદવારો, અનામત વર્ગના પુરૂષ તથા મહિલા ઉમેદવારો તેમજ માજી સૈનિક, દિવ્યાંગ ઉમેદવારોને નીચે મુજબ નિયમોનુસાર છૂટછાટ મળવાપાત્ર છે. અનામત વર્ગના ઉમેદવારોનો બિન અનામત જગ્યા માટે અરજી કરશે તો આવા ઉમેદવારોને વયમર્યાદામાં છૂટછાટ મળશે નહી.

| કેટેગરી | છૂટછાટ | મહત્તમ વયમર્યાદા |
|---|---|---|
| સામાન્ય કેટેગરીના મહિલા ઉમેદવારોને | ૫ વર્ષ | - |
| અનામત કેટેગરીના પુરૂષ ઉમેદવારોને | ૫ વર્ષ | - |
| આદિજાતિ નબળા વર્ગ ના પુરૂષ ઉમેદવારોને | ૫ વર્ષ | મહત્તમ ઉપરની વયમર્યાદા સંબંધિત સરકારશ્રીના નિયમો અનુસાર છૂટછાટ મળશે. |
| અનામત કેટેગરીના મહિલા ઉમેદવારોને (૫+૫=૧૦) | ૧૦ વર્ષ | મહત્તમ વયમર્યાદા ૪૫ વર્ષ |
| સામાન્ય કેટેગરીના શારીરિક અશક્તતા ધરાવતા પુરૂષ ઉમેદવારોને | ૧૦ વર્ષ | મહત્તમ વયમર્યાદા ૪૫ વર્ષ |
| સામાન્ય કેટેગરીના શારીરિક અશક્તતા ધરાવતા મહિલા ઉમેદવારોને (૧૦+૫=૧૫) | ૧૫ વર્ષ | મહત્તમ વયમર્યાદા ૪૫ વર્ષ |
| અનામત કેટેગરીના શારીરિક અશક્તતા ધરાવતા મહિલા ઉમેદવારોને (૫+૧૦=૨૦) | ૨૦ વર્ષ | મહત્તમ વયમર્યાદા ૪૫ વર્ષ |
| માજી સૈનિક ઉમેદવારો | - | ઉપરની વયમર્યાદામાં રોજગાર બક્ષેલ દાયકાની સમયગાળાની ઉકેલ બાદ ૩ વર્ષ સુધીની છૂટછાટ મળશે. |

## (૭) કોમ્પ્યૂટરની જાણકારી :-

- ઉમેદવાર રાજય સરકારના સામાન્ય વહીવટ વિભાગના તા.૧૩/૦૮/૨૦૦૮ તેમજ તા.૧૮/૦૩/૨૦૧૬ ના સરકારી ઠરાવ નંબર:- સીઆરઆર-૧૦-૨૦૦૭-૧૨૦૩૨૦-ગુ.૫-થી નકકી કરેલ અભ્યાસક્રમ મુજબ કોમ્પ્યુટર અંગેનું બેઝીક નોલેજ ધરાવતા હોવા અંગેનું કોઈપણ તાલીમી સંસ્થાના પ્રમાણપત્ર/માર્કશીટ ધરાવતા હોવા જોઈએ. અથવા સરકાર માન્ય યુનિવર્સિટી અથવા સંસ્થામાં કોમ્પ્યુટર જ્ઞાન અંગેના કોઈ પણ ડિપ્લોમાં / ડીગ્રી કે સર્ટીફિકેટ કોર્ષ કરેલ હોય તેવા પ્રમાણપત્રો અથવા ડીગ્રી કે ડીપ્લોમાં અભ્યાસક્રમમાં કોમ્પ્યુટર એક વિષય તરીકે હોય તેવા પ્રમાણપત્રો અથવા ધોરણ-૧૦ અથવા ધોરણ-૧૨ ની પરીક્ષા કોમ્પ્યુટરના વિષય સાથે પાસ કરેલ હોય તેવા પ્રમાણપત્રો ધરાવતા હોવા જોઈશે. તેમજ આ તબકકે આવું પ્રમાણપત્ર ન ધરાવતા ઉમેદવારો પણ અરજી કરી શકશે. પરંતુ આવા ઉમેદવારોએ નિમણૂંક સત્તાધિકારી સમક્ષ કોમ્પ્યુટરની બેઝીક નોલેજની પરીક્ષા પાસ કર્યાનું આવું પ્રમાણપત્ર નિમણૂંક મેળવતાં પહેલાં અચૂક રજૂ કરવાનું રહેશે અન્યથા નિમણૂંક મેળવવાને પાત્ર થરો નહીં. તેમજ નિમણૂંક સત્તાધિકારી આવા કિસ્સામાં ઉમેદવારની પસંદગી "રદ" કરશે.

## (૮) શૈક્ષણિક લાયકાત:-

- ઉમેદવાર ભારતમાં કેન્દ્રીય અથવા રાજય અધિનિયમથી અથવા તે હેઠળ સ્થપાયેલી અથવા સંસ્થાપિત યુનિવર્સિટીઓ પૈકી કોઈપણમાંથી અથવા તે તરીકે માન્ય થયેલી અન્ય કોઈપણ શૈક્ષણિક સંસ્થામાંથી અથવા યુનિવર્સિટી ગ્રાંટ કમિશન અધિનિયમ-૧૯૫૬ ની કલમ - ૩ હેઠળ ડીમ્ડ યુનિવર્સિટી તરીકે જાહેર થયેલી બીજી

કોઈ પણ શૈક્ષણિક સંસ્થામાંથી મેળવેલ સ્નાતકની પદવી અથવા અનુસ્નાતકની પદવી ધરાવતો હોવો જોઈએ અથવા સરકારે માન્ય કરેલ તેની સમકક્ષ લાયકાત ધરાવતો હોવો જોઈએ.

- ગુજરાત મુલ્કી સેવા વર્ગીકરણ અને ભરતી (સામાન્ય) નિયમો કોમ્પ્યુટરના ઉપયોગ અંગેની પાયાની જાણકારી ધરાવતો હોવો જોઈએ. - ૧૯૬૭ માં ઠરાવ્યા પ્રમાણેની
- ઉમેદવાર ગુજરાતી, હિન્દી તથા અંગ્રેજી અથવા ત્રણેય ભાષાઓનું પુરતું જ્ઞાન ધરાવતો હોવો જોઇએ.

## (૯) પગાર ધોરણ ::-

- નાણાં વિભાગના તા.૧૬/૦૨/૨૦૧૬ ના તથા તા. ૨૯/૦૪/૨૦૧૦ અને તા.૦૬/૧૦/૨૦૧૧, તા. ૨૦/૧૦/૨૦૧૪ ના ઠરાવ ક્રમાંક: ખરચ-૨૦૦૨-૫૭-ઝ-૧ તેમજ તા. ૨૦/૧૦/૨૦૧૫ ના ઠરાવ ક્રમાંક: ખરચ-૨૦૦૨-૫૭-(પાર્ટ-૨)-ઝ-૧ તથા છેલ્લી નાણાં વિભાગના તા.૧૮/૧૦/૨૦૨૩ ના ઠરાવ ક્રમાંક: ખચર-૨૦૦૨-૫૭-(પાર્ટ-૪)-ઝ-૧ અન્વયે પ્રથમ પાંચ વર્ષ માટે પ્રતિ માસ માટે નીચે મુજબના નિયત ફિક્સ પગારથી નિમણૂંક અપાશે. તેમજ ઉકત ઠરાવના અન્ય લાભો મળવાપાત્ર થશે. તદ્ઉપરાંત સામાન્ય વહીવટ વિભાગના તા. ૨૩/૧૦/૨૦૧૫ ના ઠરાવ ક્રમાંક: સીઆરઆર-૧૧-૨૦૧૫-૩૧૨૯૧૧-ગ.૫ અને નાણાં વિભાગના તા. ૨૮/૦૩/૨૦૧૬ ના ઠરાવ ક્રમાંક: ખરચ/૨૦૦૨-૫૭(પાર્ટ-૩)/ઝ-૧, તા. ૧૮/૦૧/૨૦૧૭ તથા તા. ૧૮/૧૦/૨૦૨૩ માં દર્શાવેલ બોલીઓ અને શરતોને આધિન નિમાયેલ ઉમેદવાર પાંચ વર્ષના અંતે તેની સેવાઓ સંતોષકારક જણાયેલી સંબંધિત કચેરીમાં જે તે સમયના સરકારશ્રીના નિયમોનુસાર મળવાપાત્ર પગાર ધોરણમાં નિયમિત નિમણૂંક મેળવવાને પાત્ર થશે.

| ક્રમ | સંવર્ગ | પ્રથમ પાંચ વર્ષ સુધી મળનાર ફિક્સ પગાર |
|---|---|---|
| ૧ | કોમ્પ્યૂટર પ્રોગ્રામર | ૨૬,૦૦૦/- |

## (૧૦) પરીક્ષા ફી ::-

- સામાન્ય વહીવટ વિભાગના તા. ૩૧/૦૧/૨૦૨૪ ના પત્રમાં થયેલ જોગવાઈ મુજબ ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળ અનુસાર લેવામાં આવતી આ બંને બિન અનામત જગ્યાની સીધી ભરતીની પરીક્ષા માટે પરીક્ષા ફી નું ધોરણ નીચે મુજબનું રહેશે.

| **પરીક્ષા ફીનું ધોરણ** | | |
|---|---|---|
| | **બિન અનામત વર્ગ** | **અનામત વર્ગ (તમામ કેટેગરીની મહિલા, સા.શૈ.પ. વર્ગ, અનુસૂચિત જાતિ, અનુસૂચિત જન જાતિ, આ.ન.વર્ગ, દિવ્યાંગ અને એક્સ સર્વિસમેન ઉમેદવારો)** |
| પરીક્ષા ફી | રૂ. ૫૦૦/- | રૂ. ૪૦૦/- |
| પરીક્ષામાં ઉપસ્થિત રહેનાર ઉમેદવારોને પરીક્ષા ફી પરત મળવાપાત્ર રહેશે. | | |

## (૧૧) પરીક્ષા પદ્ધતિ ::-

- સંસ્થા દ્વારા નિયત સમય મર્યાદામાં સ્પીડ પોસ્ટ મળેલ અરજીઓની પ્રાથમિક ચકાસણી કરીને લાયક ઉમેદવારોની રાજય સરકારશ્રીના સામાન્ય વહીવટ વિભાગના (૧) તા. ૧૮/૦૫/૨૦૨૩ ના જાહેરનામા ક્રમાંક: GS/૨૦૨૩/૧૫/૦૧૨૫/K મુજબ પરિક્ષા લેવામાં આવશે.
- રાજય સરકારશ્રીના સામાન્ય વહીવટ વિભાગના તા. ૦૮/૧૧/૨૦૨૩ ના ઠરાવ ક્રમાંક: ભરત/૧૦૨૦૨૩/૬૩૮૯૩૭/ક થી મંજૂર કરવામાં આવેલ પરીક્ષા પદ્ધતિના નિયમો અનુસાર સંવર્ગ-૩ ના તાંત્રિક તથા બિન તાંત્રિક સંવર્ગોની

[ખાસ વિષયો (Subject Specific) શૈક્ષણિક લાયકાત તરિકે જરુરિ હોય તેવા] જગ્યાઓ ની સીધી ભરતીથી ભરવા માટે જે સંવર્ગોના ભરતી નિયમો સાથે પરિક્ષા નિયમો નક્કી થયા નથી તેવા તમામ સંવર્ગોની પરિક્ષા પધ્ધતિ મુજબ ભરવાની રહેશે.

૧. હેતુલક્ષી (વૈકલ્પિક) પ્રકારની લેખિત કસોટીમાં, બહુવિધ પસંદગી પ્રશ્નો (MCQ)નો સમાવેશ થશે.

૨. દરેક પ્રશ્ન ૧ ગુણનો રહેશે.

૩. ઉમેદવારે તમામ પ્રશ્નોના જવાબ આપવાના રહેશે.

૪. ખોટા જવાબ સાથે (પ્રશ્નનો) જવાબ આપવાનો પ્રયાસ કરેલો હોય તેવા દરેક પ્રશ્નના ૦.૨૫ નકારાત્મક ગુણ રહેશે.

૫. દરેક પ્રશ્નમાં, "પ્રયાસ નહિ કરેલ (નોન અટેમ્પટેડ) નો એક વિકલ્પ રહેશે. ઉમેદવાર જવાબ આપવા માગતો ન હોય, તો તે આ વિકલ્પ પસંદ કરી શકશે. ઉમેદવાર આ વિકલ્પ પસંદ કરે, તો નકારાત્મક ગુણ આપવામાં આવશે નહિ.

૬. અશકત (દિવ્યાંગ) વર્ગ સાથે સંબંધિત હોય તેવા ઉમેદવારોને, લાગુ પાડી શકાય તેમ પ્રશ્નપત્રના દરેક કલાક માટે કલાક દીઠ વીસ મિનિટનો વધારનો સમય આપી શકાશે.

૭. ઉમેદવારે પ્રશ્નમાં આપેલા વિકલ્પો પૈકીનો કોઇપણ વિકલ્પ પસંદ કર્યો ન હોય, તો તેના ૦.૨૫ નકારાત્મક ગુણ રહેશે.

## કમ્પ્યુટર પ્રોગ્રામરની પરીક્ષા પદ્ધતિ :

- રાજય સરકારશ્રીના સામાન્ય વહીવટ વિભાગના તા. ૦૮/૧૧/૨૦૨૩ ના ઠરાવ ક્રમાંક: ભરત ૧૦૨૦૨૩/૬૩૮૯૩૭/ક થી મંજૂર કરવામાં આવેલ પરીક્ષા પદ્ધતિના નિયમો અનુસાર સંવર્ગ-૩ ના તાંત્રિક તથા બિન તાંત્રિક સંવર્ગોની [ખાસ વિષયો (Subject Specific) શૈક્ષણિક લાયકાત તરિકે જરુરિ હોય તેવા] જગ્યાઓ ની સીધી ભરતીથી ભરવા માટે જે સંવર્ગોના ભરતી નિયમો સાથે પરિક્ષા નિયમો નક્કી થયા નથી તેવા તમામ સંવર્ગોની પરિક્ષા પધ્ધતિ મુજબ ભરવાની રહેશે

### પરીક્ષા : ભાગ-૧ અને ભાગ-૨ એમ બે ભાગમાં લેવામાં આવશે

### પ્રશ્નપત્રનું લેવલ શૈક્ષણિક લાયકાતને સમકક્ષ રહેશે.

### ભાગ-૧

| કમ | વિષય | ગુણ |
|---|---|---|
| ૧ | તર્કિક ક્ષમતા તથા Data Interpretation | ૩૦ |
| ૨ | ગણિતિક ક્ષમતા | ૩૦ |
| | કુલ ગુણ | ૬૦ |

### ભાગ-૨

| કમ | વિષય | ગુણ |
|---|---|---|
| ૧ | બંધારણ, વર્તમાન પ્રવાહ, અંગ્રેજી અને ગુજરાતી કોમ્પ્રિહેન્શન | ૩૦ |
| ૨ | સંબંધિત વિષય અને તેની ઉપયોગીતાને લગતા પ્રશ્નો | ૧૨૦ |
| | કુલ ગુણ | ૧૫૦ |

**નોંધ- અભ્યાસક્રમની વિષયવસ્તુ નિયત કરેલ શૈક્ષણિક લાયકાત મુજબ રહેશે.**

(૧) ભાગ ૧ માં કુલ ૬૦ પ્રશ્નો અને ભાગ ૨ માં કુલ ૧૫૦ પ્રશ્નો એમ કુલ ૨૧૦ પ્રશ્નો પુછવામાં આવે ભાગ ૧ અને ભાગ ૨ બન્ને માટે સંયુકત રીતે કુલ ૩ કલાક (૧૮૦ મિનિટ) નો સમય મળવાપાત્ર રહેશે.

(૨) ભાગ ૧ તથા ભાગ ૨ નું સ્વતંત્ર (અલાયદું) Qualifying Standard રહેશે. તથા બંને પાર્ટમાં આ ધોરણ મેળવતા ઉમેદવારોની ભાગ ૧ અને ભાગ ૨ માં મેળવેલા કુલ ગુણના આધારે મેરીટ યાદી તૈયાર કરવાની રહેશે.

(3) ઉમેદવારોએ ભાગ ૧ અને ભાગ ૨ માં મેળવેલ કુલ ગુણના આધારે કુલ જગ્યાના આશરે બે ગણા ઉમેદવારો અરજી ચકાસણી (Document Verification) ને પાત્ર થશે.

(૪) ભાગ ૧ તથા ભાગ ૨ ના કુલ ૨૧૦ ગુણમાંથી ઉમેદવારે મેળવેલ ગુણના આધારે આખરી પસંદગી યાદી અને પ્રતિક્ષા યાદી તૈયાર કરવામાં આવશે.

(૫) જે-તે સંવર્ગની જગ્યાઓ ભરવા માટે જાહેરાતમાં જે સંખ્યા દર્શાવવામાં આવેલ હોય તે સંખ્યાને ધ્યાનમાં લઇને સરકારશ્રીની વખતો વખતની સૂચનાઓને અનુરૂપ મેરીટનું ધોરણ મંડળ નિયત કરી શકશે.

(૬) MCQ પદ્ધતિમાં ખોટા જવાબ આપનાર અથવા પ્રશ્નનો જવાબ ન આપેલ હોય તો તેવા સંજોગોમાં ૦.૨૫ માર્ક્સ ઓછા કરવાના રહેશે એટલે કે નેગેટીવ માર્કીંગ પદ્ધતિ અપનાવવાની રહેશે "જવાબ આપવા માંગતા નથી- નો પાંચમો વિકલ્પ રાખવાનો રહેશે પરંતુ જે ઉમેદવારે આ વિકલ્પ પસંદ કરેલ હોય તે સંજોગોમાં નેગેટીવ માર્કીંગ ગણવાનું રહેશે નહીં એટલે કે ૦.૨૫ માર્ક્સ ઓછા કરવાના રહેશે નહિ.

(૭) પ્રતિક્ષાયાદી તૈયાર કરવા બાબતે સરકારશ્રીના પ્રવર્તમાન નિયમો લાગુ પડશે.

(૮) જગ્યા ભરવા માટે જે સંખ્યાની જાહેરાત આપવામાં આવેલ હોય તે સંખ્યાને ધ્યાને લઈને તેમાં દર્શાવેલ બિન અનામત દરેક કેટેગરી માટે જાહેરાતમાં દર્શાવેલ સંખ્યાના આધારે પ્રતિક્ષાયાદી સરકારશ્રીના પ્રવર્તમાન નિયમોનુસાર તૈયાર કરવાની રહેશે.

## (૧૨) લઘુત્તમ લાયકી ધોરણ::-

- પ્રારંભિક પરીક્ષા તથા મુખ્ય પરીક્ષા માટે ઉમેદવારે આપેલ પરીક્ષામાં મેળવેલ ગુણનું ન્યુનત્તમ ગુણવત્તા ધોરણ ૪૦ ટકા રાખવામાં આવેલ છે.
- ઉમેદવારે પ્રત્યેક તબકકાની પરીક્ષામાં લઘુત્તમ લાયકી ગુણવત્તાનું ધોરણ ૪૦ ટકા માર્કસ નિયત કરવામાં આવેલ છે. તેમાં કોઈ પણ કેટેગરીના ઉમેદવારો માટે ૪૦ ટકા માર્કસ કરતાં ઓછું ન્યુનત્તમ ગુણવત્તા ધોરણ (Qualifying Standard) કોઈ પણ સંજોગોમાં નકકી કરી શકાશે નહીં.

## (૧૩) સામાન્ય સુચનાઓ ::-

- ઉમેદવારે અરજી પત્રકમાં ભરેલ વિગતો સમગ્ર ભરતી પ્રક્રિયા માટે આખરી ગણવામાં આવશે અને તેના પુરાવા પ્રમાણપત્રોની ચકાસણી સમયે અસલમાં રજૂ કરવાના રહેશે. અન્યથા અરજી પત્રક જે તે તબકકે "રદ" ગણવામાં આવશે.
- ઉમેદવાર અરજી પત્રકમાં જે ફોટો અપલોડ કરે છે તેની પાસપોર્ટ સાઈઝના ફોટાની એક કરતાં વધુ કોપીઓ પોતાની પાસે રાખવી અને આ જાહેરાત સંવર્ગની સમગ્ર ભરતી પ્રક્રિયામાં તે જ ફોટાની કોપીનો ઉપયોગ કરવાનો રહેશે. (જેમ કે પરીક્ષા સમયે હાજરી પત્રકમાં લગાવવો તેમજ અસલ પ્રમાણપત્રોની ચકાસણી સમયે પણ તે જ ફોટાની કોપી રજૂ કરવાની રહેશે.)

- ઉમેદવાર અરજી પત્રક ભરતી વખતે જે મોબાઈલ નંબર દર્શાવે છે તે નંબર ચાલુ રાખવો. અરજી પત્રકમાં દર્શાવેલ મોબાઈલ નંબર ભરતી પ્રક્રિયા પૂર્ણ થાય ત્યાં સુધી જાળવી રાખવો આપના હિતમાં છે ભરતી સંબંધેની તમામ સૂચનાઓ કોલેજની વેબસાઈટ ઉપર મુકવામાં આવશે. https://www.mpsccjam.org/ અચૂક જોતા રહેવું. જરૂરત ઉપસ્થિત થયે પરીક્ષા સંદર્ભેની જરૂરી સૂચનાઓ ઉમેદવારને મોબાઈલ નંબર પર એસ.એમ.એસ. થી આપવામાં આવશે.
- ઉમેદવારે અરજી પત્રકમાં બતાવેલી કોઈ પણ વિગત અને અસલ પ્રમાણપત્રોની ચકાસણી સમયે રજૂ કરેલ જન્મ તારીખ, શૈક્ષણિક લાયકાત, વય, જાતિ, અનુભવ વગેરેને લગતાં પ્રમાણપત્રો ભવિષ્યમાં જે તે તબકકે ચકાસણી દરમ્યાન ખોટા માલુમ પડશે તો તેની સામે યોગ્ય કાયદેસરની કાર્યવાહી કરવામાં આવશે. આવા ઉમેદવારની ઉમેદવારી સંચાલક મંડળ "રદ' કરી શકશે તેમજ અન્ય સંવર્ગોની ભરતી માટે પણ ગેરલાયક ઠરાવવામાં આવશે. તેમજ જો પસંદગી/નિમણૂંક થયેલ હશે તો પસંદગી/નિમણૂંક, સંચાલક મંડળ/નિમણૂંક કરનાર સત્તાધિકારી દ્વારા કોઈ પણ તબકકે "રદ" કરવામાં આવશે.
- સંચાલક મંડળ દ્વારા લેવાનાર સ્પર્ધાત્મક પ્રાથમિક પરીક્ષા કે મુખ્ય પરીક્ષામાં ઉત્તીર્ણ થવાથી જ ઉમેદવારને નિમણૂંક માટેનો હકક મળી જતો નથી. નિમણૂંક સમયે સત્તાધિકારીને ઉમેદવાર બધી જ રીતે યોગ્ય છે તેમ સંતોષ થાય અને ત્યારબાદ સરકારશ્રીની પૂર્વ મંજુરી મળ્યા બાદ જ ઉમેદવારને નિમણુંક આપવામાં આવશે.
- પસંદગી પામેલ ઉમેદવાર નિમણૂંક સત્તાધિકારી ઠરાવે તે શરતોને આધિન નિમણૂંક મેળવવાને પાત્ર થશે.
- ઉમેદવાર પોતે પરીક્ષામાં સફળ થયો હોવાના કારણોસર સંબંધિત જગ્યા ઉપર નિમણુંક કરવાનો દાવો કરવાને હકકદાર થશે નહી. નિમણૂંક કરનાર સત્તાધિકારીને પોતાને એવી ખાત્રી થાય કે જાહેર સેવા સારૂ ઉમેદવાર યોગ્ય જણાતો નથી તો તેને પડતો મુકી શકશે. નિમણુંક બાબતે તેઓનો નિર્ણય આખરી ગણાશે.
- ભરતી પ્રક્રિયા સંપૂર્ણપણે ગુજરાત મુલ્કી સેવા વર્ગીકરણ અને ભરતી (સામાન્ય) નિયમો-૧૯૬૭ (વખતો વખતના સુધારા સહિત) અને તે અન્વયે જે તે સંવર્ગના ઘડવામાં આવેલ ભરતીના નિયમોને આધિન રહેશે.
- આ જાહેરાત અન્વયે અર્થઘટન બાબતે જે તે સંવર્ગના ભરતી નિયમો અને પરીક્ષા નિયમોની જોગવાઈ આખરી રહેશે.
- આ જાહેરાત તથા ભરતી પ્રક્રિયામાં કોઈ પણ કારણોસર તેમાં ફેરફાર કરવાની કે રદ કરવાની આવશ્યકતા ઉભી થાય તો તેમ કરવાનો સંચાલક મંડળને સંપૂર્ણ હકક/અધિકાર રહેશે અને સંચાલક મંડળ આ માટે કારણો આપવા બંધાયેલ રહેશે નહી.
- જામનગર અધિકારક્ષેત્રેને આધીન.

**આચાર્ય**
**શ્રી એમ.પી. શાહ મ્યુનિ. કોમર્સ કોલેજ**
**જામનગર**

**મંત્રી,**
**શ્રી વિદ્યોત્તેજક મંડળ**
**જામનગર**

તારીખ : ૦૬/૧૧/૨૦૨૫

સ્થળ : જામનગર